INDUSIND BANK LTD
SHRINATHJI CHAMBERS
VAPI - 396 195

GUJ/SOS/AUTH/AV/76/2006

भारत 23197 SPL. ADH गुजरात
136393 JUN 12 2008
two zero zero two three zero zero 12:38
Rs. 2002300/- PB5667
INDIA STAMP DUTY GUJARAT

BLS
2271 | 1 |
2008



Satish D. Vithalani
Partner
ART GLASS INDUSTRIES.

વેચાણ દસ્તાવેજ રૂ. ૪,૦૪,૪૮,૨૪૦/-

નવો નં:- 1408
તા: 06-04-2009

મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં વલસાડ નગરપાલીકા ઝોન વિસ્તારમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧/પૈકી૪ વાળી બીનખેતીની જમીન કે જેનો સી.સ.નં. ૨૭૭૮ આપવામાં આવેલ છે તે બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામવાળી મિલકતનો તથા મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૭૪૯/અ વાળી ૦૧ હે. ૪૦ આરે. ૬૩ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ રૂ. ૪,૦૪,૪૮,૨૪૦/- અંકે રૂપિયા ચાર કરોડ ચાર લાખ અડતાલીસ હજાર બસો ચાલીસ હજાર પુરાનો.......

## વેચાણ દસ્તાવેજ

શ્રી સવંત ૨૦૬૪ નાં જયેષ્ઠ સુદ નોમને વાર ગુરુવાર તારીખ ૧૨.૦૬.૨૦૦૮ નાં અંગ્રેજી દિને,

જોગ,

મીત ચેતન્સ પ્રાઈવેટ લીમીટેડ, એ નામની ધી કંપનીઝ એક્ટ, ૧૯૫૬ નાં પ્રબંધો હેઠળ રચાયેલ પ્રાઈવેટ લીમીટેડ કંપની કે જેની રજીસ્ટર્ડ ઓફીસ ૫/૩૨, બીજી પાંજરાપોળ ગલી, સી. પી. ટેંક રોડ, મુંબઈ મુકામે આવેલી છે તે કંપની. (PAN NO. AACM3687N)

જે કંપની હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **વેચાણ લેનારા** તરીકે વર્ણવાઈ છે.

(જે વેચાણ લેનારાની સંજ્ઞામાં પૂર્વાપર સબંધથી અપવર્જિત ગણાતું ન હોય ત્યારે વેચાણ લેનારાનાં કાયદેસરનાં પ્રતિનિધિઓ, વહીવટકર્તાઓ વિગેરેનો સમાવેશ થયેલો ગણાશે.)

લિ,

BLS
1408 | 1 | 15
2009



Scanned with OKEN Scanner

BLS 3271 2 2008

BLS 1408 2 15 2009

મેસર્સ આર્ટ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ, એ નામની ભારતીય ભાગીદારી ધારા, ૧૯૩૨ નાં પ્રબંધો હેઠળ રચાયેલી ભાગીદારી પેઢી કે જેની રજીસ્ટર્ડ ઓફીસ ૫/૩૨, બીજી પાંજરાપોળ ગલી, સી. પી. ટેંક, મુંબઈ ૪૦૦ ૦૦૪ મુકામે આવેલી છે તે ભાગીદારી પેઢી (PAN NO. AAAFA 5829 R) તરફે તેનાં ભાગીદારો શ્રી સતિષ ધિરજલાલ વીઠલાણી હિન્દુ એકત્ર કુટુંબ તરફે તેનાં કર્તા શ્રી સતિષ ધિરજલાલ વીઠલાણી ઉ.આ.વ. ૪૯, ધંધો વેપાર, રહેવાસી ૩૦૯, માન સરોવર, માઉન્ટ પ્લેઝન્ટ રોડ, મુંબઈનાં (PAN No. AAAHS4434G) તથા શ્રી સતિષ ધિરજલાલ વીઠલાણી ફેમીલી ટ્રસ્ટ તરફે તેનાં ટ્રસ્ટી શ્રી સતિષ ધિરજલાલ વીઠલાણી ઉ.આ.વ. ૪૯, ધંધો વેપાર, રહેવાસી ૩૦૯, માન સરોવર, માઉન્ટ પ્લેઝન્ટ રોડ, મુંબઈનાં, (PAN NO. AASTS0564M) તથા શ્રી સતિષ ધિરજલાલ વિઠલાણી ઉ.આ.વ. ૪૯, ધંધો વેપાર, રહેવાસી ૩૦૯, માન સરોવર, માઉન્ટ પ્લેઝન્ટ રોડ, મુંબઈનાં (PAN No. AABPV3678E) તથા શ્રીમતી રશ્મિ સતિષ વીઠલાણી ઉ.આ.વ. ૪૯, ધંધો વેપાર, રહેવાસી ૩૦૯, માન સરોવર, માઉન્ટ પ્લેઝન્ટ રોડ, મુંબઈનાં. (PAN No. AACPV8075A) તથા કુ. કૃપા સતિષ વીઠલાણી ઉ.આ.વ. ૨૨, ધંધો અભ્યાસ તથા વેપાર, રહેવાસી ૩૦૯, માન સરોવર, માઉન્ટ પ્લેઝન્ટ રોડ, મુંબઈનાં (PAN NO. AABPV3369C) તરફે તેનાં કુલમુખત્યાર શ્રી સતિષ ધિરજલાલ વિઠલાણી ઉ.આ.વ. ૪૯, ધંધો વેપાર, રહેવાસી ૩૦૯, માન સરોવર, માઉન્ટ પ્લેઝન્ટ રોડ, મુંબઈનાં તથા શ્રી મિત સતિષ વીઠલાણી ઉ.આ.વ. ૨૦, ધંધો અભ્યાસ તથા વેપાર, રહેવાસી ૩૦૯, માન સરોવર, માઉન્ટ પ્લેઝન્ટ રોડ, મુંબઈનાં. (PAN NO. AAAPV5310Q) તરફે તેનાં કુલમુખત્યાર શ્રી સતિષ ધિરજલાલ વિઠલાણી ઉ.આ.વ. ૪૯, ધંધો વેપાર, રહેવાસી ૩૦૯, માન સરોવર, માઉન્ટ પ્લેઝન્ટ રોડ, મુંબઈનાં.

જે ભાગીદારી પેઢી હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં વેચાણ આપનારા તરીકે વર્ણવાઈ છે.
(જે વેચાણ આપનારાની સંજ્ઞામાં પૂર્વાપર સબંધથી અપવર્જિત ગણાતું ન હોય ત્યારે વેચાણ આપનારાનાં વખતોવખતનાં ભાગીદારો, કાયદેસરનાં પ્રતિનિધિઓ, વહીવટકર્તાઓ વિગેરેનો સમાવેશ થયેલો ગણાશે.)

મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં વલસાડ નગરપાલીકા ઝોન વિસ્તારમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧/પૈકીૢ વાળી બીનખેતીની જમીન કે જેનો સી.સ.નં. ૨૭૭૮ આપવામાં આવેલ છે અને કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૧૯૪૦ ચો.મી. નોંધવામાં આવેલ છે અને જેનું સીટી સરવે રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૦૩૫૭.૫૬ ચો.મી. નોંધવામાં આવેલ છે તે બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામવાળી મિલકત તેમજ મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૭૪૯/અ વાળી ૦૧ હે. ૪૦ આરે. ૬૩ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામવાળી મિલકત કે જે મિલકતોનું વિગતે વર્ણન નીચે પરીશીષ્ટ હેઠળ કરવામાં આવેલ છે તે મિલકતો હમો વેચાણ આપનારાની સ્વતંત્ર માલીકીની અને કબજા વહીવટની મિલકત ચાલી આવેલ છે.



Scanned with OKEN Scanner

BLS | 3271 | 3 | 2008

BLS | 1408 | 3 | 15 | 2009

મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧ પૈકીની જમીન તા. ૦૨.૦૬.૧૯૮૨ નાં દિનનાં જીલ્લા વિકાસ અધિકારીશ્રી, વલસાડનાં હુકમ ક્રમાંક નં. ડીપી/એનએ/રજી./૨૧૨/૮૧-૮૨ થી બીનખેતીમાં ફેરવવામાં આવેલ. જે અંગેની ફેરફાર નોંધ નં. ૨૪૮૫ ગામ નમૂના નં. ૬ માં તા. ૧૬.૦૨.૧૯૯૨ નાં રોજ પાડવામાં આવેલ, જે ફેરફાર નોંધ નં. ૨૪૮૫ સક્ષમ અધિકારીશ્રીએ તા. ૦૪.૧૧.૧૯૮૨ નાં રોજ મંજૂર કરેલ છે.

મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧ પૈકીની જમીન હમો વેચાણ આપનારાએ તા. ૧૧.૧૧.૧૯૮૨ નાં દિનનાં પાકા વેચાણ દસ્તાવેજથી શ્રી પરાગજી મકનજી દેસાઈ પાસેથી ખરીદ કરેલ. જે અંગેની ફેરફાર નોંધ નં. ૨૪૮૬ ગામ નમૂના નં. ૬ માં તા. ૧૧.૧૦.૧૯૮૨ નાં રોજ પાડવામાં આવેલ, જે ફેરફાર નોંધ નં. ૨૪૮૬ સક્ષમ અધિકારીશ્રીએ તા. ૧૨.૧૧.૧૯૮૨ નાં રોજ મંજૂર કરેલ છે.

હમો વેચાણ આપનારાએ મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧ પૈકીની જમીનમાં આર.સી.સી. નું મકાન તથા આર.સી.સી. નો શેડ તથા ખુલ્લા શેડનું બાંધકામ કરેલ છે. મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧ પૈકીની જમીનનો સમાવેશ અબ્રામા સીટી સરવેની હદમાં કરવામાં આવેલ અને જેનો સી.સ.નં. ૨૭૭૮ આપવામાં આવેલો છે.

મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧ પૈકીની બીનખેતીની જમીન કે જેનો સી.સ.નં. ૨૭૭૮ આપવામાં આવેલ છે તે જમીનમાં હમો વેચાણ આપનારાએ શેડનું બાંધકામ કરેલ છે.

હમો વેચાણ આપનારાએ મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧/પૈકી૪ વાળી બીનખેતીની જમીન કે જેનો સી.સ.નં. ૨૭૭૮ આપવામાં આવેલ છે અને કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૧૯૪૦ ચો.મી. નોંધવામાં આવેલ છે અને જેનું સીટી સરવે રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૦૩૫૭.૫૬ ચો.મી. નોંધવામાં આવેલ છે તે બીનખેતીની જમીન સબંધે રીવાઈઝડ બીનખેતીની પરવાનગી પ્રાપ્ત કરેલ છે.

હમો વેચાણ આપનારા મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં વલસાડ નગરપાલીકા ઝોન વિસ્તારમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧/પૈકી૪ વાળી બીનખેતીની જમીન કે જેનો સી.સ.નં. ૨૭૭૮ આપવામાં આવેલ છે અને કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૧૯૪૦ ચો.મી. નોંધવામાં આવેલ છે અને જેનું સીટી સરવે રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૦૩૫૭.૫૬ ચો.મી. નોંધવામાં આવેલ છે તે બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામવાળી મિલકતનાં એકલાં સ્વતંત્ર માલીક અને કબજેદાર બનેલાં છીએ અને આ વેચાણ દસ્તાવેજ રુએ વેચાણ કરવાનો હમો વેચાણ આપનારાને સંપૂર્ણ હકક અને અધિકાર છે.



Scanned with OKEN Scanner

BLS
3271 | 4
2008

BLS
1408 | 4 | 15
2009

મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલી રે.સ.નં. ૨૩૩, રે.સ.નં. ૨૩૪, રે.સ.નં. ૨૩૫/૧, રે.સ.નં. ૨૩૧/૧, રે.સ.નં. ૨૩૧/૨, રે.સ.નં. ૨૩૧/૩+૧, રે.સ.નં. ૨૩૧/૩+૨, રે.સ.નં. ૨૩૧/૪, રે.સ.નં. ૨૩૬/૧+૨, રે.સ.નં. ૨૩૭, રે.સ.ન. ૨૪૬/અ+૧, રે.સ.નં. ૩૦૫, રે.સ.નં. ૩૦૬, રે.સ.નં. ૩૦૪, રે.સ.નં. ૨૪૩/૧ તથા રે.સ.નં. ૨૯૪/૨ વાળી જમીનો શ્રી પ્રાણજીવનભાઈ વલ્લભભાઈની માલીકીની જમીનો ચાલી આવેલી. જે જમીનો સને ૧૯૭૬ માં એકત્ર કરવામા આવેલી અને સદરહું જમીનોનો નવો બ્લોક નં. ૭૪૯ આપવામા આવેલ. જે અંગેની ફેરફાર નોંધ નં. ૧૮૦૨ ગામ નમૂના નં. ૬ માં તા. ૧૦.૦૫.૧૯૭૬ નાં રોજ પાડવામા આવેલી. જે ફેરફાર નોંધ નં. ૧૮૦૨ સક્ષમ અધિકારીશ્રીએ તા. ૨૫.૦૫.૧૯૭૭ નાં રોજ મંજૂર કરેલી છે.

મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલી બ્લોક નં. ૭૪૯ વાળી જમીન શ્રી પ્રાણજીવનભાઈ વલ્લભભાઈની માલીકીની જમીન ચાલી આવેલી. મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલી બ્લોક નં. ૭૪૯ વાળી જમીનમાં પ્રાણજીવન વલ્લભભાઈનાં પત્નિ જમનાબેન પ્રાણજીવનનો હકક હિસ્સો ચાલી આવેલો. જે હકીકતમાં સને ૧૯૭૯ માં સદરહું જમીનનાં રેકર્ડ દફતરે શ્રી પ્રાણજીવન વલ્લભભાઈ સાથે તેમનાં પત્નિ જમનાબેન પ્રાણજીવનભાઈનું નામ દાખલ કરવામાં આવેલું. જે અંગેની ફેરફાર નોંધ નં. ૧૮૫૦ ગામ નમૂના નં. ૬ માં તા. ૧૦.૦૧.૧૯૭૯ ના રોજ પાડવામાં આવેલી. જે ફેરફાર નોંધ નં. ૧૮૫૦ સક્ષમ અધિકારીશ્રીએ તા. ૧૨.૦૨.૧૯૭૯ નાં રોજ મંજૂર કરેલી.

મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલી બ્લોક નં. ૭૪૯ વાળી ૭ હેકટર ૪૬ આરે. ૬૫ ચો. મી. ક્ષેફળ ધરાવતી જમીન પૈકીની ૧૬૧૮૫ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન તાલુકા વિકાસ અધિકારીશ્રીનાં હુકમથી સને ૧૯૮૬ માં બીનખેતીમાં ફેરવવામા આવેલી. જે અંગેની ફેરફાર નોંધ નં. ૨૦૬૬ ગામ નમૂના નં. ૬ માં તા. ૨૯.૧૦.૧૯૮૬ નાં રોજ પાડવામાં આવેલ. જે ફેરફાર નોંધ નં. ૨૦૬૬ સક્ષમ અધિકારીશ્રીએ તા. ૧૪.૦૫.૧૯૮૭ નાં રોજ મંજૂર કરેલ.

મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલી બ્લોક નં. ૭૪૯ વાળી ૫ હે. ૮૪ આરે. ૮૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી ખેતીની જમીન તથા બ્લોક નં. ૭૭૯ વાળી ખેતીની જમીન સને ૧૯૯૦ માં શ્રી અંબેલાલ મણીલાલ પટેલ તથા શ્રી ખંડુભાઈ જીવણજી પટેલ તથા ભુલીબેન તે મણીલાલ જીવણજી પટેલનાં વિધવાએ તા. ૧૭.૦૭.૧૯૯૦ નાં દિનનાં વલસાડ સબ રજીસ્ટ્રીમાં તા. ૨૭.૦૭.૧૯૯૦ નાં રોજ અનુક્રમ નં. ૧૩૫૮ થી રજૂ થયેલ પાકા વેચાણ દસ્તાવેજથી શ્રી પ્રાણજીવનભાઈ વલ્લભભાઈ તથા જમનાબેન પ્રાણજીવનભાઈ પાસે ખરીદ કરેલી. આ જમીન શ્રી કુલીનકાંત ગોવિંદજી સંઘવી ગણોતધારાની કલમ-૪૩એ(૧)(બી) હેઠળ ભાડે રાખેલ. જે હકીકતમાં સદરહું તા. ૧૭.૦૭.૧૯૯૦ નાં દિનનાં વલસાડ સબ રજીસ્ટ્રીમાં તા. ૨૭.૦૭.૧૯૯૦ નાં રોજ અનુક્રમ



SUB-REGISTRAR
SAR

Scanned with OKEN Scanner

BLS 3271/8 2008

BLS 1408/615 2009

નાં દિનનાં તેજ દિને વલસાડ સબ રજીસ્ટ્રીમાં અનુક્રમ નં. ૨૮૪૨ થી નોંધાયેલ પાકા વેચાણ દસ્તાવેજથી ભુલીબેન તે મણીલાલ જીવણજી પટેલનાં વિધવા તથા અંબેલાલ મણીલાલ પટેલ પાસે ખરીદ કરેલ અને આ વેચાણ દસ્તાવેજમાં શ્રી ખંડુભાઈ જીવણજી પટેલે સંમતિ આપનારા તરીકે સહી કરેલ. જે અંગેની ફેરફાર નોંધ નં. ૨૮૫૧ ગામ નમૂના નં. ૬ માં તા. ૨૧.૧૨.૨૦૦૩ નાં રોજ પાડવમાં આવેલ, જે ફેરફાર નોંધ નં. ૨૮૫૧ સક્ષમ અધિકારીશ્રીએ તા. ૧૨.૦૨.૨૦૦૪ નાં રોજ મંજૂર કરેલ છે.

મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક નં. ૭૪૯/અ વાળી ૦૦ હે. ૪૬ આરે. ૫૪ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન તથા મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક નં. ૭૪૯/બ વાળી ૦૦ હે. ૯૪ આરે. ૦૯ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન મામલતદારશ્રી, વલસાડનાં તા. ૨૪.૦૩.૨૦૦૪ નાં દિનનાં હુકમ ક્રમાંક નં. ગાડરીયા/એકત્ર/રજી.નં.૨૯/૨૦૦૪ થી એકત્ર કરવામાં આવેલ અને જેનો નવો બ્લોક/સરવે નં. ૭૪૯/અ આપવામાં આવેલ અને જેનું ક્ષેત્રફળ ૦૧ હે. ૪૦ આરે. ૬૩ ચો.મી. નોંધવામાં આવેલ.

મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક નં. ૭૪૯/અ વાળી ૦૦ હે. ૪૬ આરે. ૫૪ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન તથા મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક નં. ૭૪૯/બ વાળી ૦૦ હે. ૯૪ આરે. ૦૯ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન જીલ્લા વિકાસ અધિકારીશ્રી, વલસાડનાં તા. ૧૭.૦૬.૨૦૦૪ નાં દિનનાં હુકમ ક્રમાંક નં. સીએચ/એનએ/વશી.૧૬૯૭-૧૭૧૦/૦૪ થી બીનખેતીમાં ફેરવવામાં આવેલ, જે અંગેની ફેરફાર નોંધ નં. ૨૮૮૨ ગામ નમૂના નં. ૬ માં તા. ૧૭.૦૭.૨૦૦૪ નાં રોજ પાડવામાં આવેલ, જે ફેરફાર નોંધ નં. ૨૮૮૨ સક્ષમ અધિકારીશ્રીએ તા. ૧૯.૦૮.૨૦૦૪ નાં રોજ મંજૂર કરેલ છે.

હમો વેચાણ આપનારાએ મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૭૪૯/અ વાળી ૦૧ હે. ૪૦ આરે. ૬૩ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીનમાં મકાન તથા શેડોનું બાંધકામ કરેલ છે.

હમો વેચાણ આપનારા મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૭૪૯/અ વાળી ૦૧ હે. ૪૦ આરે. ૬૩ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામવાળી મિલકતનાં એકલાં સ્વતંત્ર માલીક અને કબજેદાર બનેલાં છીએ અને આ વેચાણ દસ્તાવેજ રુએ વેચાણ કરવાનો હમો વેચાણ આપનારાને સંપૂર્ણ હકક અને અધિકાર છે.

મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં વલસાડ નગરપાલીકા ઝોન વિસ્તારમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧/પૈકીૅ૪ વાળી બીનખેતીની જમીન કે જેનો સી.સ.નં. ૨૭૭૮



Scanned with OKEN Scanner

BLS 3271 5 2008

BLS 1404 5 15 2009

નં. ૧૩૫૮ થી રજૂ થયેલ પાકા વેચાણ દસ્તાવેજમાં શ્રી કુલીનકાંત ગોવિંદજી સંઘવીએ સંમતિ આપનારા તરીકે સહી કરેલ છે. આ તા. ૧૭.૦૭.૧૯૯૦ નાં દિનનો વેચાણ દસ્તાવેજ તા. ૦૮.૦૮.૧૯૯૫ નાં રોજ વલસાડ સબ રજીસ્ટ્રીમાં બુક નં. ૧ માં અનુક્રમ નં. ૧૬૮૪ થી નોંધવામાં આવેલ છે. જે અંગેની ફેરફાર નોંધ નં. ૨૩૪૪ ગામ નમૂના નં. ૬ માં તા. ૧૯.૦૬.૧૯૯૨ નાં રોજ પાડવામાં આવેલ. જે ફેરફાર નોંધ સક્ષમ અધિકારીશ્રીએ તા. ૦૬.૧૦.૧૯૯૨ નાં રોજ મંજૂર કરેલી.

મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલી બ્લોક નં. ૭૪૯ વાળી જમીનનું નાયબ કલેક્ટરશ્રી, વલસાડનાં તા. ૧૭.૧૧.૨૦૦૩ નાં દિનનાં હુકમ ક્રમાંક નં. ટેનન્સી/બ્લોક વિભાજન/રજી.નં/વશી-૧૦૫૭/૦૩ થી વિભાજન કરવામાં આવેલ અને મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક નં. ૭૪૯ વાળી જમીનનાં બ્લોક નં. ૭૪૯/અ તથા બ્લોક નં. ૭૪૯/બ તથા બ્લોક નં. ૭૪૯/ક તથા બ્લોક નં. ૭૪૯/ડ તથા ૭૪૯/ઈ આપવામાં આવેલ. જે અંગેની ફેરફાર નોંધ નં. ૨૮૪૨ ગામ નમૂના નં. ૬ માં પાડવામાં આવેલ છે.

નાયબ કલેક્ટરશ્રી, વલસાડનાં તા. ૧૭.૧૧.૨૦૦૩ નાં દિનનાં હુકમ ક્રમાંક નં. ટેનન્સી/બ્લોક વિભાજન/રજી.નં/વશી/૧૦૫૭/૦૩ રુએ વિભાજન થયેલ મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલી બ્લોક નં. ૭૪૯ પૈકીની નવા બ્લોક નં. ૭૪૯/અ વાળી ૦૦ હે. ૪૬ આરે. ૫૪ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીનનાં રેકર્ડ દફતરે ભુલીબેન તે મણીલાલ જીવણજી પટેલનાં વિધવાનું દાખલ કરવામાં આવેલ તથા નવા બ્લોક નં. ૭૪૯/બ વાળી ૦૦ હે. ૯૪ આરે. ૦૯ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીનનાં રેકર્ડ દફતરે અંબેલાલ મણીલાલ પટેલ તથા ભુલીબેન તે મણીલાલ જીવણજી પટેલનાં વિધવાનું નામ દાખલ કરવામાં આવેલ.

SUB-REGISTRAR

મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક નં. ૭૪૯/અ વાળી ૦૦ હે. ૪૬ આરે. ૫૪ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન હમો વેચાણ આપનારાએ તા. ૦૫.૧૨.૨૦૦૩ નાં દિનનાં તેજ દિને વલસાડ સબ રજીસ્ટ્રીમાં અનુક્રમ નં. ૨૮૪૧ થી નોંધાયેલ પાકા વેચાણ દસ્તાવેજથી ભુલીબેન તે મણીલાલ જીવણજી પટેલનાં વિધવા પાસે ખરીદ કરેલ અને આ વેચાણ દસ્તાવેજમાં શ્રી અંબેલાલ મણીલાલ પટેલ તથા શ્રી ખંડુભાઈ જીવણજી પટેલે સંમતિ આપનારા તરીકે સહી કરેલ. જે અંગેની ફેરફાર નોંધ નં. ૨૮૫૦ ગામ નમૂના નં. ૬ માં તા. ૨૧.૧૨.૨૦૦૩ નાં રોજ પાડવામાં આવેલ, જે ફેરફાર નોંધ નં. ૨૮૫૦ સક્ષમ અધિકારીશ્રીએ તા. ૧૨.૦૨.૨૦૦૪ નાં રોજ મંજૂર કરેલ છે.

મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક નં. ૭૪૯/બ વાળી ૦૦ હે. ૯૪ આરે. ૦૯ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન હમો વેચાણ આપનારાએ તા. ૦૫.૧૨.૨૦૦૩



Scanned with OKEN Scanner

BLS
2008

BLS
1408 | 7 | 15
2009

આપવામાં આવેલ છે અને કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૧૯૪૦ ચો.મી. નોંધવામાં આવેલ છે અને જેનું સીટી સરવે રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૦૩૫૭.૫૬ ચો.મી. નોંધવામાં આવેલ છે તે બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામવાળી મિલકત તેમજ મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૭૪૯/અ વાળી ૦૧ હે. ૪૦ આરે. ૬૩ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામવાળી મિલકત કે જે મિલકતોનું વિગતે વર્ણન નીચે પરીશીષ્ટ હેઠળ કરવામાં આવેલ છે તે મિલકતો તેનાં લાગતા વળગતા તમામ હકકો સહિત એટલેકે તેનાં ગ્લાસ ટયુબ્સ, ગ્લાસ બીડસ અને ગ્લાસ ચેતન્સનાં ઉત્પાદનના ધંધા સહિત તથા તેની જવાબદારીઓ સહિત હમો વેચાણ આપનારાએ તમો વેચાણ લેનારાને તા. ૦૧.૦૪.૨૦૦૭ નાં રોજ વેચાણ કરવા નકકી કરેલ અને હમો વેચાણ આપનારા તથા તમો વેચાણ લેનારા વચ્ચે તા. ૨૩.૦૪.૨૦૦૭ નાં રોજ ડીડ ઓફ એસાઈનમેન્ટ પણ કરવામાં આવેલ છે અને તા. ૦૧.૦૪.૨૦૦૭ નાં રોજ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતોનો સ્થળે કબજો પણ હમો વેચાણ આપનારાએ તમો વેચાણ લેનારાને સુપરત કરેલ.

હમો વેચાણ આપનારા તથા તમો વેચાણ લેનારા વચ્ચે કરવામાં આવેલ તા. ૨૩.૦૪.૨૦૦૭ નાં દિનનાં ડીડ ઓફ એસાઈનમેન્ટ સબંધે ભવિષ્યમાં કોઈ વાદ, વિવાદ કે તકરાર ઉપસ્થિત ન થાય અને આ વહેવારને કોઈ કાયદાકીય બાધ ન નડે તેમજ તા. ૨૩.૦૪.૨૦૦૭ નાં દિનનાં ડીડ ઓફ એસાઈનમેન્ટ અંગે બોમ્બે સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ કોઈ સ્ટેમ્પ ડયુટી સબંધિત કોઈ પ્રકરણ કે પ્રકરણો ઉપસ્થિત ન થાય તેવા શુભ હેતુથી હમો વેચાણ આપનારા આ વેચાણ દસ્તાવેજ તમો વેચાણ લેનારાનાં લાભમાં કરી આપીએ છીએ.

આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતો આ વેચાણ દસ્તાવેજમાં જણાવેલી વિગતે તેનાં લાગતા વળગતા તમામ હકકો તેમજ જવાબદારીઓ સહિત તમો વેચાણ લેનારાને રૂ. ૪,૦૪,૪૮,૨૪૦/- અંકે રુપિયા ચાર કરોડ ચાર લાખ અડતાલીસ હજાર બસો ચાલીસ પુરાનાં ખરા અને પુરા અવેજે આ દસ્તાવેજમાં જણાવેલી વિગતે હસ્તાંતર કરેલ છે અને સદરહું મિલકતોનાં અવેજનાં બદલામાં તમો વેચાણ લેનારાએ તમો વેચાણ લેનાર કંપનીનાં ૧ (એક) શેરનાં રૂ. ૧૦/- અંકે રુપિયા લો પુરાનાં દરે કુલ ૪૦,૪૪,૮૨૪ (અંકે ચાલીસ લાખ ચુમ્માલીસ હજાર આઠસો ચોવીસ પુરા) શેરો આપેલા છે. જે હકીકતમાં તમો વેચાણ લેનારા તથા હમો વેચાણ આપનારા વચ્ચે કોઈ રકમની આપલે કરવાની રહેતી નથી.

SUB-REGISTRAR

આ વેચાણ દસ્તાવેજ રુએ વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતોનો સ્થળે શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો આ દસ્તાવેજમાં જણાવેલ વિગતે તા. ૦૧.૦૪.૨૦૦૭ નાં રોજ હમો વેચાણ આપનારાએ તમો વેચાણ લેનારાને સુપરત કરેલ છે,



Scanned with OKEN Scanner

BLS
3271 8
2008

BLS
1408 8 15
2009

જે હકીકતમાં નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતોની તમો વેચાણ લેનારાનો કબજો માલીક તરીકે બન્યો છે.

આમ ઉપરની હકીકતમાં તમો વેચાણ લેનારા આ દસ્તાવેજ રૂએ મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં વલસાડ નગરપાલીકા ઝોન વિસ્તારમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧/પૈકી૪ વાળી બીનખેતીની જમીન કે જેનો સી.સ.નં. ૨૭૭૮ આપવામાં આવેલ છે અને કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૧૯૪૦ ચો.મી. નોંધવામાં આવેલ છે અને જેનું સીટી સરવે રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૦૩૫૭.૫૬ ચો.મી. નોંધવામાં આવેલ છે તે બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામવાળી મિલકત તથા મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક/સરવે નં. ૭૪૯/અ વાળી ૦૧ હે. ૪૦ આરે. ૬૩ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામવાળી મિલકત કે જે મિલકતોનું વિગતે વર્ણન નીચે પરીશીષ્ટ હેઠળ કરવામાં આવેલ છે તે મિલકતોનાં એકલા સ્વતંત્ર માલિક અને પ્રત્યક્ષ કબજેદાર બન્યા છો.

આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતો તમો વેચાણ લેનારાને નકરજી, બોજારહિત અને ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલથી વેચાણ કરવામાં આવી છે. આ હકીકત છતાં ભવિષ્યમાં કોઇ ત્રાહિત વ્યક્તિ હક્કદાવો કરે તો તેનો જવાબ હમો વેચાણ આપનારાએ દેવો સહી. આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતોના તમો વેચાણ લેનારાના માલિકી હક્કની કબુલિયાતમાં કંઇ લેખ લખાણ, દસ્તાવેજ કે દસ્તાવેજો કરવા પડે તો તે તમો વેચાણ લેનારાનાં ખર્ચે કરી આપવા હમો વેચાણ આપનારા બંધાઇએ છીએ.

THE SUB-REGISTRAR
VULSAR

વધુમાં હમો વેચાણ આપનારા તમો વેચાણ લેનારાને બાંહેધરી આપીએ છીએ કે, આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતો તમો વેચાણ લેનારા ચાંદો, સૂરજ તપે ત્યાં સુધી ભોગવો, વેચો, સાટે, વસે વસાવો, ગીરો આપો યા તમારું દીલ ચાહે તેમ કરવા હક્કદાર છો. આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતો અંગેનાં આજદિન પછીનાં સ્થાનીક ગુજરાત સરકાર કે કેન્દ્ર સરકારનાં હરેક પ્રકારનાં વેરાઓ, ધારાઓ, સેસીસ વિગેરે તમો વેચાણ લેનારાએ ભરવાના છે અને આજરોજ પહેલાનાં જે કંઇ વેરાઓ, ધારાઓ, સેસીસ વિગેરે ભરવાના બાકી હોય કે નીકળે અથવા જુના વેરા વિગેરે પાછળથી ભરવાનાં આવે તો તે હમો વેચાણ આપનારાએ ભરવાનાં છે.

THE SUB-REGISTRAR
SAR

આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતોનાં નવેનીય અષ્ટમાં સીધ્ધ જે કંઇ પ્રગટ થાય તેની માલિકી તમો વેચાણ લેનારાની છે. આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતોનાં તમો વેચાણ લેનારાનાં કબજા ભોગવટામાં હમો વેચાણ આપનારા



Scanned with OKEN Scanner

BLS 3271 9 2008
BLS 1408 9 15 2009

તથા હમારા સક્સેસરો, એસાઇનીઓ, ઇત્યાદી કોઇપણ રીતે હરકત, અટકાયત કે દાવાદુવી વિગેરે કરશે નહીં અને જો કરે તો તેનો જવાબ હમો વેચાણ આપનારા તથા હમારા સક્સેસરો, એસાઇનીઓ, ઇત્યાદીઓએ તે અંગે થતા હરેક પ્રકારનાં ખર્ચ અને નુકશાનનાં અવેજ સહિત તમો વેચાણ લેનારાને આપવાનાં રહેશે.

આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતો આ દસ્તાવેજમાં લખ્યા મુજબ વેચાણ આપવા માટે હમો વેચાણ આપનારાને સંપૂર્ણ હક્ક અને અધિકાર છે અને હમો વેચાણ આપનારનાં તે હક્કને કોઇરીતે કોઇપણ પ્રકારે બાધ આવે તેવી રીતનું હમોએ વર્તન કર્યું નથી. તમો વેચાણ લેનારા યા તમારા વંશવારસો, સક્સેસરો, ઇત્યાદી આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતોનો સ્થળે કબજો ભોગવટો હમો વેચાણ આપનારા કે હમો વેચાણ આપનારનાં સક્સેસરો, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, એસાઇનીઓ, ઇત્યાદી તરફની કોઇપણ હરકત અટકાયત કે દાવાદુવી વિના કરવા હક્કદાર છે.

આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતો અન્ય કોઇને વેચાણ, ગીરો, બક્ષિશ કે બીજી કોઇ પણ રીતે લખી આપેલ નથી. તેમજ તેનાં ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો દરદાવો અલાખો નથી. આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતો અંગે જમીન પ્રાપ્તી ધારા હેઠળ કે બીજા કોઇપણ ધારા હેઠળ નોટીશ નીકળી નથી કે બજી નથી. તેમજ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતો અંગે હાલમાં કોઇપણ કોર્ટમાં કોઇપણ પ્રકારનાં દાવા યા પ્રોસીડીંગ્સ ચાલુ નથી. તેમજ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતો કે તેનો કોઇપણ ભાગ સરકારી કે લોકલ સંસ્થાની યોજના માટે અનામત રાખવામાં આવ્યો નથી અને હમો વેચાણ આપનારાએ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતો અંગે કરેલ ગીરો અથવા બક્ષિશ, વિગેરેનો કોઇપણ શખ્સ દર દાવો કે અલાખો કરતો આવે અને તેને લીધે તમો વેચાણ લેનારા યા તમારા વંશવારસો, સક્સેસરો, એસાઇનીઓ ઇત્યાદીને થતાં દરેક પ્રકારનાં ખર્ચ અને નુકશાન અવેજ સહિત હમો વેચાણ આપનારા તથા હમારા સક્સેસરો, એસાઇનીઓ ઇત્યાદી આપવા બંધાયેલા છે.

વધુમાં તમો વેચાણ લેનારા આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતોનાં સંપૂર્ણ માલિક થયા છે તે અંગેનાં પુરાવા તથા ખાતરી માટે તથા તે અંગે જે જે દસ્તાવેજો કાગળો, ખાતરીઓ તથા ચીજોની વખતો વખત તમો વેચાણ લેનારા તથા તમો વેચાણ લેનારાનાં વંશવારસો, સક્સેસરો, એસાઇનીઓ, ટ્રાન્સફરીઓ કે તેમનાં વકીલ વિગેરેને જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તે તે દસ્તાવેજો, કાગળો ખાતરીઓ અને ચીજો વિગેરે તમો



Scanned with OKEN Scanner

BLS 3271 10 2008

BLS 1408 10 15 2009

વેચાણ લેનારા તથા તમો વેચાણ લેનારાનાં વંશવારસો સક્સેસરો ઇત્યાદીની વિનંતીથી હમો વેચાણ આપનારા તથા હમો વેચાણ આપનારાનાં સક્સેસરો, એસાઈનીઓ ઇત્યાદી કરી આપશે અગર તે અંગે યોગ્ય તજવીજ કરશે.

આ વેચાણ દસ્તાવેજનો ખર્ચ પૂરેપુરો વેચાણ લેનારાએ ભોગવ્યો છે અને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવતી નીચે પરીશીષ્ટ હેઠળ વર્ણવેલ મિલકતો તેની પૂરેપુરી અને ખરી કિંમતથી વેચાણ લેનારાને વેચાણ કરવામાં આવેલ છે. આ હકીકત છતાં સરકારશ્રી તેની બજાર કિંમત વધુ આંકે તો તે પ્રકરણ વેચાણ લેનારાએ પોતાને ખર્ચે અને જોખમે લડી લેવાનું છે અને તે માટે વેચાણ આપનારાની કોઇ જવાબદારી રહેતી નથી.

**વેચાણ કરેલ મિલકતનું વર્ણન**

મોજે ગામ અબ્રામા, તા. જી. વલસાડમાં વલસાડ નગરપાલીકા ઝોન વિસ્તારમાં આવેલ બ્લોક/સરવે નં. ૩૨૧/પૈકી૪ વાળી બીનખેતીની જમીન કે જેનો સી.સ.નં. ૨૭૭૮ આપવામાં આવેલ છે અને કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૧૯૪૦ ચો.મી. નોંધવામાં આવેલ છે અને જેનું સીટી સરવે રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૦૩૫૭.૫૬ ચો.મી. નોંધવામાં આવેલ છે તે બીનખેતીની જમીન તથા તેમાં આવેલ અંદાજે ૨૯૧૩૨ ચોરસ ફૂટનાં નવા માપે ૨૭૦૭.૪૨ ચો.મી.નાં બાંધકામવાળું મકાન તથા ૧૫૧૨૪.૩૭ ચોરસ ફૂટનો નવા માપે ૧૪૦૫.૬૧ ચો.મી.નો શેડ તથા ૧૪૬૦.૨૫ ચોરસ ફૂટનો નવા માપે ૧૩૫.૭૧ ચો.મી.નો ખુલ્લા શેડવાળી મિલકત તેના લાગતા વળગતા હક્કો સહીતની,

તથા

મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક નં. ૭૪૯/અ વાળી ૦૦ હે. ૪૬ આરે. ૫૪ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન તથા મોજે ગામ ગાડરીયા, તા. જી. વલસાડમાં આવેલ બ્લોક નં. ૭૪૯/બ વાળી ૦૦ હે. ૯૪ આરે. ૦૯ ચો.મી. ક્ષેત્રફળ



Scanned with OKEN Scanner

BLS
3271 | 11
2008

BLS
1404 | 11 | 15
2009

ધરાવતી બીનખેતીની જમીન કે જેનો નવો બ્લોક નં. ૭૪૯/અ આપવામાં આવેલ અને જેનું ક્ષેત્રફળ ૦૧ હે. ૪૦ આરે. ૬૩ ચો.મી. નોંધવામાં આવેલ છે તે બીનખેતીની જમીન તથા તેમાં આવેલાં કુલ-૪ શેડ કે જેનું અનુક્રમે ક્ષેત્રફળ ૪૧૨૫૮.૫૭ ચોરસ ફૂટ નવા માપે ૩૮૩૪.૪૩ ચો.મી. તથા ૪૩૫૦.૫૫ ચોરસ ફૂટ નવા માપે ૪૦૪.૩૨ ચો.મી. તથા ૫૯૧ ચોરસ ફૂટ નવા માપે ૫૪.૯૨ ચો.મી. તથા ૫૨૪૫.૫૦ ચોરસ ફૂટ નવા માપે ૪૮૭.૫ ચો.મી. થાય છે તે ચાર શેડવાળી મિલકત તેનાં લાગતાં વળગતા તમામ હકકો સહિતની.

ઉપર મુજબનો વેચાણ દસ્તાવેજ હમો વેચાણ આપનારાએ તમો વેચાણ લેનારાનાં લાભમાં સમજી વિચારી કરી આપ્યો છે, જે હમો વેચાણ આપનારાને તથા હમારા સક્સેસરો અને એસાઇનીઓ ઇત્યાદીને બંધનકર્તા છે.

અત્રે ............................................મતુતત્રે ............................................ શાખ

મેસર્સ આર્ટ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ, એ ભાગીદારી
પેઢી તરફે તેનાં ભાગીદારો
વેચાણ આપનારા

_____________________________

શ્રી સતિષ ધિરજલાલ વીઠલાણી પોતે તથા શ્રી સતિષ ધિરજલાલ વીઠલાણી હિન્દુ એકત્ર કુટુંબનાં કર્તા તથા શ્રી સતિષ ધિરજલાલ વીઠલાણી ફેમીલી ટ્રસ્ટ તરફે તેનાં ટ્રસ્ટીની હેસિયતમાં તથા શ્રી મિત સતિષ વીઠલાણી તથા કુ. કૃપા સતિષ વિઠલાણીનાં કુલમુખત્યાર તરીકે.

SUB-REGISTRAR ... SAR

Rvitthalani
_____________________________

શ્રીમતી રશ્મિ સતિષ વીઠલાણી



જયેશ હીરાલાલ પાનવાલા
_____________________________

રમેશચંદ્ર જા. શાહ
_____________________________

Scanned with OKEN Scanner

BLS 3271 12 2008

BLS 1408 12/15 2009

શીડયુલ






મીત ચેતન્સ પ્રાઈવેટ લીમીટેડ, એ નામની પ્રાઈવેટ લીમીટેડ કંપની તરફે તેનાં મેનેજીંગ ડીરેકટર શ્રી સતિષ ધિરજલાલ વીઠલાણી
વેચાણ લેનારા


મેસર્સ આર્ટ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ, એ ભાગીદારી પેઢી તરફે તેનાં ભાગીદારો
વેચાણ આપનારા





શ્રી સતિષ ધિરજલાલ વીઠલાણી પોતે તથા શ્રી સતિષ ધિરજલાલ વીઠલાણી હિન્દુ એકત્ર કુટુંબનાં કર્તા તથા શ્રી સતિષ ધિરજલાલ વીઠલાણી ફેમીલી ટ્રસ્ટ તરફે તેનાં ટ્રસ્ટીની હેસિયતમાં તથા શ્રી મિત સતિષ વીઠલાણી તથા કુ. કૃપા સતિષ વીઠલાણીનાં કુલમુખત્યાર તરીકે.





શ્રીમતી રશ્મિ સતિષ વીઠલાણી

અનુક્રમ નંબર ૩૨૭૧
સને ૨૦૦૮ ના જુન માસની
૧૨ મી તારીખે ૩.૦૦ થી ૪.૦૦
વાગ્યાની વચ્ચે SRO - Valsad Valsad સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યો.

| | | |
|---|---|---|
| પહોંચ નંબર :- | ૨૦૦૮૧૦૫૦૦૬૩૪૮ | |
| ફી પહોંચી છે તે | રુ. પૈસા. | |
| નોંધવાની ફી :- | | ૪૦૪૪૮૩ |
| ફોટો ફી પાનના( | ૧૭):- | ૧૭૦ |
| ટપાલ :- | | ૮૦ |
| એકંદરે કુલ :- | | ૪૦૪૭૩૩ |

( અંકે રુપિયા ચાર લાખ ચાર હજાર સાતસો તેત્રીસ પુરા.)




મેસર્સ આર્ટ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ , એ ભાગીદારી પેઢી તરફે તેનાં ભાગીદાર સતિષ ધિરજલાલ વીઠલાણી

BLS
1408 | 13 | 15
2009

SUB-REGISTRAR

( પી.કે.ચૌધરી )
ઈ.ચા સબ રજીસ્ટ્રાર
SRO - Valsad Valsad

( પી.કે.ચૌધરી )
ઈ.ચા સબ રજીસ્ટ્રાર
SRO - Valsad Valsad

| અનુ. નંબર | પક્ષકારનું નામ અને સરનામુ | ઉંમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| | આપનાર | | | | |
| ) | મેસર્સ આર્ટ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ , એ ભાગીદારી પેઢી તરફે તેનાં ભાગીદાર સતિષ ધિરજલાલ વીઠલાણી (વેપાર) ૩૦૯ , માનસરોવર, માઉન્ટ પ્લેઝન્ટ રોડ, મુંબઈ નાં | ૪૯ |  |  | |

સતિષ ધિરજલાલ વીઠલાણી પોતે (પાન નં. AABPV ૩૬૭૮ E) તથા
સતિષ ધિરજલાલ વીઠલાણી હિન્દુ એકત્ર કુટુંબનાં કર્તા
( પાન નં.AAAHS૪૪૩૪G ) તથા શ્રી સતિષ ધીરજલાલ વીઠલાણી ફેમીલી ટ્રસ્ટ તરફે
તેનાં ટ્રસ્ટી ની હેસીયતમાં (પાન નં. AASTS ૦૫૬૪M ) તથા
મિત સતિષ વીઠલાણી (પાન નં. AAAPV ૫૩૧૦Q ) તથા
કૃપા સતિષ વીઠલાણી (પાન નં. AABPV ૩૩૬૯C ) નાં કુ.મુ.તરીકે.
પાન નં. AABPV3678E

| | | | | | |
|---|---|---|---|---|---|
| ) | રશ્મિ સતિષ વીઠલાણી (વેપાર) એજન | ૪૯ |  |  | |

પાન નં. AACPV8075A

BLS
3271 | 13 |
2008

દસ્તાવેજ લખી આપનાર
આ દસ્તાવેજ લખી
આપ્યાનું કબુલ કરે છે.

Scanned with OKEN Scanner

૧. જયેશ હીરાલાલ પાનવાલા (નોકરી)
રામવાડી,વલસાડ,
તા.જી.વલસાડ

BLS
3271 / 14
2008

જેમને સબ રજિસ્ટ્રાર ઓળખે છે, તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે. અને તેમની ઓળખાણ આપે છે.

૧. જયેશ હીરાલાલ પાનવાલા

BLS
1408 | 12 | 15
2009

તારીખ ૧૨ માહે જુન - ૨૦૦૮

( પી.કે.ચૌધરી )
ઇ.ચા સબ રજીસ્ટ્રાર
SRO - Valsad Valsad

બજાર કિંમત નક્કી કરવા અંગેનું
ફોર્મ નં.૧ રજુ થયેલ છે.
તા. ૧૨/૦૬/૨૦૦૮

SUB-REGISTRAR ... SAR

( પી.કે.ચૌધરી )
ઇ.ચા સબ રજીસ્ટ્રાર
SRO - Valsad Valsad

ઇન્કમટેક્ષ રૂલ્સ ૧૯૬૨ની જોગવાઇ મુજબ
(૧) પાન નં./ઇ.જ.ર નંબર
દર્શાવેલ છે. જેની ખરાઇ કરવામાં આવેલ છે.

આપનાર નંબર.
લેનાર નંબર.
સંમતી આપનાર નંબર.

તારીખ: ૧૨/૬/૨૦૦૮

SRO - Valsad Valsad

નાયબ કલેકટરશ્રી
સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર ની કચેરી, વલસાડ.

દસ્તાવેજ નંબર અને વર્ષ ૩૯૭૧/૦૮ લેખમાં જણાવેલ મિલ્કતનો અવેજ ........ છે, અગેરી નક્કી કરવામાં આવેલ ખરી બ.કિં. ૫,૭૯,૭૯,૮૫૦૦૦/- રહે ...... શ્રી ...... તરફથી ખરી બજાર કિંમત મુજબ તફાવતની સ્ટેમ્પ ડ્યુટી રૂ. ૬,૯૧,૬૬,૭૭૫/- (અંકે રૂ. [illegible] પુરા) તથા દંડ રૂ. ...... (અંકે રૂ. ......) થાય છે.

...... રૂ. ૨૬,૯૩,૯૭૭/- (અંકે રૂ. [illegible] પુરા) અને દંડ રૂ. ...... (અંકે રૂ. ......) મુંબઇ સ્ટેમ્પ અધિનિયમની જોગવાઈ કલમ-૩૨ (ક) મુજબ ભરપાઇ થયેલ છે.

કલેકટર ઓફ સ્ટેમ્પ્સ
વલસાડ.

ચલન નંબરઃ ૧૦૭૨
તારીખઃ ૨૭/૩/૦૯

DEPUTY COLLECTOR STAMP DUTY
નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી
વલસાડ જીલ્લો
VALSAD DISTRICT

| BLS | | |
|---|---|---|
| 1408 | 15 | 15 |
| 2009 | | |

નાયબ કલેક્ટરશ્રી સ્ટેમ્પડ્યુટી મુલ્યાંકન તંત્ર, વલસાડ તરફથી કલમ-૩૨ (ક) (૧) ની કાર્યવાહી પુર્ણ થઇ પરત આવ્યા તા. ૭/૩ /૨૦૦૯

સબ રજીસ્ટ્રાર, વલસાડ

૧ ...... નંબરની બુકના
૧૪૦૮ ...... નંબરે નોંધ્યો
તારીખ ૭/૩/૨૦૦૯

સબ રજીસ્ટ્રાર, વલસાડ

THE SEAL OF THE SUB-REGISTRAR
BULSAR